# જમીન-મકાન દલાલ (રિયલ એસ્ટેટ એજન્ટ)

રિયલ એસ્ટેટ એજન્ટ એવી વ્યક્તિ છે જે અચલ મિલકતનું વેચાણ કરનાર અથવા ખરીદનારનું પ્રતિનિધિત્વ કરે છે. સામાન્ય રીતે તેઓ લાઈસન્સ પ્રાપ્ત બ્રોકર સાથે કામ કરે છે. રિયલ એસ્ટેટ એજન્ટની મુખ્ય ભૂમિકા ખરીદનારના પક્ષનું અથવા તો રિયલ એસ્ટેટના માલિકના પક્ષનું પ્રતિનિધિત્વ કરવાની તેમજ રિયલ એસ્ટેટની માલિકીમાં સરળતાથી પરિવર્તન થઇ જાય એ સુનિશ્ચિત કરવાની હોય છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું વેચાણ કરવું ગમે છે
- તમને લોકોને સમજાવવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહતાથી વાતચીત કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૯,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/રિયલ એસ્ટેટ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર/માર્કેટિંગ/સેલ્સ અથવા સમાન વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, રિયલ એસ્ટેટ મેનેજમેન્ટમાં MBAની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંલગ્ન વિષયમાં PG ડિપ્લોમા પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રિયલ એસ્ટેટ એજન્ટનું માસિક વેતન રૂ. ૧૫,૦૦૦ થી ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/re-search/IN/Job-Real Estate Agent/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રિયલ એસ્ટેટ સેવાઓ પુરી પાડતી કંપનીઓ, બાંધકામ કંપનીઓ, રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને હાઉસિંગ કંપનીઓ સહિત અન્ય કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

કાર્યસ્થળનું વાતાવરણઃ સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. પાર્ટ ટાઈમ અથવા તો કરાર આધારીત નોકરીઓ ઉપલબ્ધ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરશો. કંપની મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

એસ્ટેટ સબ-એજન્ટ → હાઉસ એજન્ટ → પ્રોપર્ટી ડીલર → પ્રોપર્ટી મેનેજર → મેનેજિંગ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પ્રોપર્ટી મેનેજર, એરિયા પ્રોપર્ટી મેનેજર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન બિઝનેસ સ્કૂલ, દેહરાદૂન
૭. ડીડીયુ, નડિયાદ
૮. એચએનજીયુ, પાટણ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત
૨. સ્કૂલ ઑફ મેનેજમેન્ટ ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી
૩. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૪. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૫. જામિયા હમદર્દ, નવી દિલ્હી
૬. એઈમ્સ સંસ્થાઓ, બેંગ્લોર
૭. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૮. ટેક્નો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in



## સાફલ્ય ગાથા

**સુમિત્રા અયંગર** WEI-CAN ઓસ્ટ્રેલિયાના મેનેજિંગ ડિરેક્ટર છે. તેણીએ બેંગલોરમાં રિયલ એસ્ટેટ એજન્ટ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણીએ યુનિવર્સિટી ઓફ વેલ્સમાંથી ઈન્ટરનેશનલ બિઝનેસમાં એમ.બી.એ. કર્યું છે.*

સ્રોતઃ https://www.constructionworld.in/transport-infrastructure/highways-and-roads-infrastructure/women-in-construction-sumi-tra-iyengar/23318

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.